સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નાચે નેતા મોર બની, મતદાર જાણે ઢેલ છે,
ચૂંટણીમાં ફરે કાળું નાણું, એ હાથનો મેલ છે,
ફેલ છે સંહિતાઓ આચારની રાજકારણમાં -
જાતિ-ધર્મના વાડા ચૂંટણીમાં એ બધા ખેલ છે.

હાઈકુ

ફૂટે ફણગા -
હવે યુવા આક્રોશ,
અસમંજસ!
(પાટીદાર એકતા)

સોદાબાજીમાં -
ભાજપે જોખ્યું નમ,
'જીત્યાનરામ'
(માંઝીની નાવ તરી)

ચિંતન

ન સુખં ન ચ સૌભાગ્યં સ્વયં સ્વગુણ વર્ણને ।
યથૈવ ચ પૂરન્ધ્રીણાં સ્વ હસ્ત કુચ મર્દનમ્ ॥

'વ્યક્તિ પોતે જ જાતે પોતાના બળ-પૌરુષ-ગુણ-સ્વભાવનું વર્ણન કર્યા કરે એમાં એને નથી તો કંઈ સુખ મળતું કે નથી એનું કંઈ ભલું - સારું થતું, જેમ સુંદર સ્ત્રી વાસનાની અગ્રતામાં પોતાના જ હાથે પોતાનાં જ સ્તનોનું મર્દન કરે એમાં એને કોઈ પણ જાતને સંતોષ પ્રાપ્ત થતો નથી.'

કેટલાક લોકો થોડું કામ કરીને વધારે યશ ઉગરાવનારા હોય છે. આ 'મેં' કર્યું નાં નગારાં વગાડે છે. ઘણા માણસો પોતાની બુદ્ધિ અક્કલ-વિદ્વતા-જ્ઞાનના બણગાં ફૂંકે છે જાતે કેવા મહાન નેતા-વક્તા-માનનીય-સન્માનનીય છે એની વાતો જાતે જ જાહેરસભામાં બણગા ફૂંકી - ફૂંકી કહેતા હોય છે એનાથી એમનું સન્માન તો નથી જ વધતું પણ જાતને પણ મનથી સંતોષ કે આનંદ મળતાં નથી.

આ સમજાવતા સ્ત્રીનું જાતે સ્તનમર્દનનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

સુવિચાર

- આવકવેરો ભરવો પડે તેવી મહત્ત્વાકાંક્ષા ઘણા ગરીબોની હોય છે - **રામમનોહર લોહિયા**
- પરિવારમાં શાંતિ ન હોય પછી, વિશ્વશાંતિ શા ખપની - **બાંગ્લા કહેવત**
- માણસને ગ્રહદશા નથી નડતી, આગ્રહદશા બહુ નડે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- માણસનું મૂલ્યાંકન એના ઘરના પાછલા દરવાજેથી શું પ્રવેશે છે તેના પરથી થવું જોઈએ - **અમૃતબિંદુ**
- દરિદ્રતા ભલે આવે પણ હૃદયની અમીરાત છોડવી નહીં - **શેખ સાદી**
- આપણા જેવા જ દોષ બીજાઓમાં પણ હોય તો આપણા પૈકી કોઈ સહી શકતું નથી - **ઓસ્કાર વાઈલ્ડ**
- અક્ષયપાત્રને ભિક્ષાપાત્રમાં ફેરવી નાખવાની આપણી આવડત આગળ ભગવાન પણ લાચાર છે - **ગુણવંત શાહ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

'ઘણા માણસો પોતાનું કર્તવ્ય તો ફરજના ભાગ રુપે બજાવતા હોય છે પણ એના પાછળ 'ન' કરવાની વેદના છૂપાઈ હોય છે. બળતાં-ઝૂરતાં ને પગપછાડતાં-બોલબોલ-કકળાટ કરી 'વેઠ'ની જેમ 'કામ' પછાડીને રાખી દેવું એ કર્તવ્ય-ફરજ નથી. કામ મન-પ્રેમ-લગ્ન-ઉત્સાહ અને 'જીવ' રેડીને કરવું જોઈએ.'

એક સ્ત્રીનો પતિ અચાનક લકવાગ્રસ્ત થઈ ગયો. આવક બંધ થઈ. પત્ની પતિની 'તમામ' પ્રકારની સેવા-સુશ્રુષા-સારવાર તો કરતી પણ ગુસ્સો-ચીડ-કચકચ-પતિને ઠપકો પણ આપ્યા કરતી. પતિ સંત એકનાથનો શિષ્ય-ભક્ત-પ્રેમી હતો. પત્નીની આવી 'કડક' સેવાથી તે અંતરથી-અંદરથી દુઃખી હતો. એણે પત્નીને વિનંતી કરી - મને પાંચ-છ-માસ મારા ગુરુશ્રી એકનાથના આશ્રમમાં મૂકી આવ. પત્ની અંદરખાને રાજી થઈ પણ આવા અપંગની સેવા-સુશ્રુષા કેમ-કોણ કરશેની ચિંતા થઈ પણ પતિના આગ્રહથી મૂકી આવી.

છ માસ થયા - પત્ની, પતિને લેવા ગઈ. પતિ સંપૂર્ણ સ્વસ્થ-તંદુરસ્ત થઈ આશ્રમના રસોડાં માટે લાકડાં કાપતો હતો. પતિને જોઈ ખૂબ જ ખુશ થઈ. બંને સંતને મળી આશીર્વાદ - રજા લેવા ગયાં - સંતે કહ્યું, 'બેટા! તું સેવાભાવી તો છો પણ સેવાનું ફળ તો શુદ્ધ પ્રેમ - વિનયયુક્ત વાણી અને વિનયપૂર્વકની સેવાથી જ મળે...' પત્નીને પોતાની ભૂલ સમજાઈ.

બિહારમાં બેઉ તરફ બળવાખોરી

તંત્રીસ્થાનેથી....

હવે જયારે પાંચ ચરણોમાં બિહારની વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે અને બેઉ ગઠબંધનોએ એની ટિકિટોની ફાળવણીનો વ્યૂહ ઘડી દીધો છે ત્યારે ઊંટ કયા પડખે બેસશે, એની આગાહી કરવી મુશ્કેલ છે. ભારતીય જનતા પાર્ટી પાસે મુખ્યમંત્રીપદ માટે જાહેર કરવાજોગ કોઈ ચહેરો નથી. એના સાથી પક્ષોની કનડગત સાતમા આસમાને પહોંચી ગઈ તે ત્યાં સુધી કે હઠે ચડેલા જીતનરામ માંઝીને મનાવવા માટે ભાજપને અવનવી ગોઠવણો કરવાની ફરજ પડી છે. માંઝી મહાદલિત સમુદાયના નેતા છે. રામવિલાસ પાસવાન દલિતોના નેતા છે. બેઉ વચ્ચે છૂપો સંઘર્ષ શરુ થઈ ગયો છે. માંઝીએ પાસવાનની પાર્ટીને પરિવારવાદ ગ્રસ્ત પાર્ટી કહી ઉતારી પાડી છે. મોદી બેઉનો ઉપયોગ કરી લેવા માગે છે અને બેઉને એમની હેસિયત મુજબ વેતરી નાખી બિહારમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાવવા માંગે છે. અગાઉ રામવિલાસ પાસવાનની લોક જનશક્તિ પાર્ટીને ૪૨ બેઠકો આપવાનું ગોઠવાયું હતું અને કુશવાહાના પક્ષને ૨૫ બેઠકો ફાળવાશે એવું અધિકૃત વચન અપાયું હતું. જીતનરામ માંઝીએ ઓછામાં ઓછાં ૪૦ ઉમેદવારોને ટિકિટો આપવાનું દબાણ ચાલુ રાખ્યું હતું અને આખરે ૨૫ બેઠકોથી નીચે ઊતરવા તૈયાર નહોતા. માંઝીનો અર્થ હિંદીમાં નાવિક થાય છે. માંઝીને નારાજ કરવા જતા મોદીની ફજેતી થવાની સંભાવના હતી. એટલે બાકીને બે ભાગીદારો પાસેથી બે-બે બેઠકો પડાવી લઈને ભાજપે પોતાના ક્વોટાની પાંચ બેઠકો પર માંઝીના ઉમેદવારોને ઊભા રાખવાની વિચિત્ર ફોર્મ્યુલા ઘડવી પડી છે. ભાજપના ફાળે આવેલી ૧૬૦ બેઠકો પૈકી પાંચ માઝીની 'હમ' પાર્ટીના ઉમેદવારો હશે, જે પાછા ચૂંટણી તો કમળના જ નિશાન પર લડશે! માંઝી મઝધારે નાવ ના ડુબાડે એની ચિંતા એકલા અમિત શાહ કે નરેન્દ્ર મોદીને નથી. એવી ચિંતા રામવિલાસ પાસવાન અને ઉપેન્દ્ર કુશવાહાને પણ છે, જે ગત લોકસભાની ચૂંટણી પહેલાં સામે ચાલીને મોદી ઉર્ફે ભાજપનાં ખોળે બેસી ગયા હતા. આ બેઉ નેતાઓ મહત્ત્વાકાંક્ષી છે. બેઉ કેન્દ્રમાં પ્રધાનો છે પરંતુ બેઉને બિહારની ગાદીનું તીવ્ર આકર્ષણ હતું. માંઝી પણ મૂળે તો નીતીશકુમારે પહેલાં આપેલી અને પછી નિર્દયતાપૂર્વક ખૂંચવી લીધેલી મુખ્યમંત્રીપદની ખુરશી જળવાઈ રહે એટલા જ ઈરાદાસર મોદીના શરણે આવ્યા હતા. પરંતુ ભારતીય જનતા પાર્ટીને એવી સોદાબાજી પોસાય એમ નહોતી. એટલે એક વાર ચૂંટણી જીતો અને જિતાડો, પછી સૌ સારાં વાનાં થશે, એમ કહી મોદીએ મુખ્યમંત્રીપદનો ભાજપનો ચહેરો આગળ ધરવાના પ્રદેશ નેતાઓના આગ્રહને અમાન્ય ઠેરવી પોતાના જ નામ પર ચૂંટણી લડવાનો વિકલ્પ સ્વીકાર્યો છે. સત્તા હસ્તગત થશે તો બિહારનું કેન્દ્રમાં પ્રતિનિધિત્વ કરતા કોઈ નેતાના શિરે તાજ મૂકતાં એમણે રોકી શકવાનું છે? માંઝીને કેન્દ્રમાં કેબિનેટ કક્ષાના મંત્રી બનાવી દેવાનું વચન આપી રાજી કરી દેવાયા છે, એવું પણ બહાર આવ્યું છે, મોદી અને અમિત શાહ મહા ગઠબંધનમાંથી મુલાયમસિંહને અને કેટલાક જદ(યુ) તથા રાજદ આગેવાનોને તોડી શક્યા છે, મુસ્લિમ મતબેંકમાં ભંગાણ પડાવવા મુસ્લિમ લીગના નેતા ઓવૈસીને બિહારના મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ઉમેદવારો ઊભા રાખવા સહમત કરી - કરાવી શક્યા છે; મુલાયમ-શરદ પવાર અને સંગમાની પાર્ટીઓનો ત્રીજો મોરચો પણ રાતોરાત રચાઈ ગયો છે, તે શું મોદીની જ બિહાર-વિજય મિશનની વ્યૂહરચના નથી લાગતી? પરંતુ એમની જૂનામાં જૂની સહયોગી પાર્ટી શિવસેનાને બિહારમાં ઉમેદવારો ઊભાં કરતાં રોકી શક્યા નથી, એ જ શું મોટી વિડંબના નથી?

ગૌ દેવો ભવ : ગાયના ગોમય (છાણ)ની આર્થિક-સામાજિક અસરો

વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

ગાયના છાણમાં લક્ષ્મીનો વાસ, સંસ્કૃતિનો સથવારો અને સોનાની ખાણ એક સાથે નિવાસ કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારી ગાયના છાણને ભારતીયોએ જીવનના આયામોમાં સ્થાન આપી દીધું છે. હમણાં થોડા વર્ષો પહેલાં ગાય ચારે વર્ણોના ઘરની શોભા હતી. દૂઝણી ગાય એ ઘરની સાંસ્કૃતિક અને આર્થિક ઓળખ હતી.

ગાયના છાણને કે ગોબરને સમજતા પહેલાં તેની ઉપયોગીતાને જાણવી જરૂરી છે. કેટલાક લોકો ગાયના છાણથી ગંદકી, દુર્ગંધ અને ચીકાશની ફરીયાદ કરશે, પણ જ્યારે તેની ઉજળી બાજુઓને સમજશે ત્યારે ખ્યાલ આવશે કે આ તો અનેક રીતે લાભકારક છે. કોલસાની ખાણ અને સોનાની ખાણમાં ક્યાં હાથ ચોખ્ખા રહે છે!

ગાયના છાણમાંથી ખાતર, છાણા (ઈંધણ), ઘરની દિવાલ (માટી સાથે ભેળવવાથી) અને લીંપણના ઉપયોગ વિશે બધા જાણે છે. આ બધા તો પાશેરામાં પૂણી જેવા ઉપયોગો કહી શકાય. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં આ બધું કોઈને જૂનવાણી લાગી શકે. હજી આગળની વાત સમજવા જેવી છે. છાણાને સળગાવી જે રાખ બને તેનાથી વાસણ સાફ થાય, અને તે રાખને અનાજમાં નાખવાથી કીડાઓથી છુટકારો મળે છે. શરીર પર રાખ ચોળવાથી શરીર શુદ્ધ બને છે. (દિગંબર સાધુઓ પણ રાખનો પ્રયોગ શરીર કરતા હોય છે) યજ્ઞની વિધિમાં છાણનો છૂટથી ઉપયોગ થાય છે. પંચગવ્ય (દૂધ, દહીં, છાશ, છાણ, ગૌમૂત્ર) માં છાણ ઉપયોગી છે.

ખેડૂત જમીનમાં અનાજ વાવે છે, અનાજના યોગ્ય ઉત્પાદન માટે જમીન કસદાર હોવી જોઈએ. કસદાર જમીન દેશી ખાતર જ કામ કરે છે. છાણ સંપૂર્ણ સેન્દ્રીય હોવાથી જમીનને નુકસાન નથી પહોંચાડતું. છાણ જમીનને પોષણ આપનાર છે. જેનાથી જમીન વધુ ઉપજાઉ બને છે. ગાયના છાણથી જમીન છિદ્રયુક્ત, નરમ અને ભેજવાળી બની જાય છે. આથી ક્યારેક વરસાદ વિના પણ પાકને નુકસાન થતું અટકે છે. રાસાયણિક ખાતરથી જમીન આંતરિક રીતે સળગી જાય છે અને કડક બને છે. રાસાયણિક ખાતર વધુને વધુ પાણીને માગે છે. આર્થિક રીતે રાસાયણિક ખાતર ખૂબ મોંઘુ પડે છે.

ગાયનું છાણ પવિત્ર મનાયું છે. તેનાથી જમીન પવિત્ર બને છે. તેમાંથી ઉપજનાર અનાજ પણ પવિત્ર અને શુદ્ધ બને છે. ગાયના છાણથી જમીનના ઈયળ કે અળસીયા જેવા આવશ્યક કીડા મરતા નથી. જે જમીનને પોચી રાખે છે. ગાયના છાણથી ધાન્ય ઉત્પાદનમાં વધારો અને માટે જ તેમાં લક્ષ્મીનો વાસ છે એવું કહેવાયું છે. ગ્રામ્ય સંસ્કૃતિમાં છાણમાંથી બનતા છાણાને ઈંધણ માટે દિવાલ પર સૂકવવા મૂકવા એ એક કલા છે. રસ્તા પર પડેલ છાણ પર કોઈ નિશાની મૂકવાથી તેનો માલિક નિશ્ચિત થઈ જાય છે. ત્યાર બાદ તેને કોઈ અન્ય લઈ શકે નહિ. દિવાલ પર લાગેલ છાણા કોના છે તેના માટે આંગળીની છાપ જોવાય છે.

ભોજન બનાવવા, શિયાળામાં તાપવા અને મૃતદેહને અગ્નિ સંસ્કાર કરાવવા છાણા ઉપયોગમાં લેવાય છે. સંપૂર્ણ સ્વચ્છ છાણા (હાથના સ્પર્શ વિનાના- કુદરતી) અગ્નિહોત્ર યજ્ઞમાં કામમાં આવે છે.ઘણી આર્યુર્વેદિક ઔષધિઓને પકવવા આરણ્યક છાણા કામમાં લેવા પડે છે. છાણાથી રાંધેલ ભોજનમાં સત્ત્વ બચી જાય છે. આવું ભોજન સુપાચ્ય અને શુદ્ધ બને છે. છાણાના ધુમાડાથી કેન્સર જન્માવનાર કીટાણુઓઓનો નાશ થાય છે. ભોજનના દૂષિત કણોનો પણ છાણનો અગ્નિ નાશ પમાડે છે. ગાયના પરિવારને સાચવવાથી આર્થિક લાભ અનેક થાય છે.

ઠંડીના દિવસોમાં છાણાની અગ્નિ ઉષ્માદાયક અને સુખદાયક હોય છે. છાણાનો અગ્નિ પવિત્ર અને શુદ્ધ હોય છે તેથી શરીર ઉપરાંત મનને પણ આનંદ આપે છે. નવજાત બાળક તથા માતાને અગ્નિનો શેક આપવાથી અને તેલનું મર્દન કરવાથી સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. જે લોકોને શરીરનો દુખાવો, મૂઢ માર, કફ - પિત્તની મુશ્કેલી હોય તેણે અવશ્ય શેક લેવો જોઈએ.

આપણે મરણ બાદના સંસ્કારને અગ્નિ સંસ્કાર નામે ઓળખીયે છીએ. અગ્નિ સંસ્કાર સમયે છાણા અને ગાયના ઘીનો પ્રયોગ થાય છે. મૃતદેહ જલદી સડવા લાગે છે, તેમાં સૂક્ષ્મ રોગકારક તત્ત્વ જન્મે છે અને વાતાવરણને અશુદ્ધ અને અપવિત્ર બનાવે છે. જો છાણાથી અગ્નિસંસ્કાર કરવામાં આવે તો વાતાવરણ શુદ્ધ બને છે. આયુર્વેદની અનેક ઔષધિઓની બનાવટ ગાયના છાણા વિના શક્ય નથી.

ભારતની ઓળખ તેની યજ્ઞ સંસ્કૃતિથી છે. યજ્ઞ દ્વારા પર્યાવરણની શુદ્ધિ થાય છે. યજ્ઞથી વ્યક્તિ અને સમાજને સ્વાસ્થ્યનો લાભ થાય છે. સાથે સાથે વ્યક્તિ અને સમાજને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. યજ્ઞમાં પવિત્ર લાકડા, ગાયનું ઘી અને ગોબરના છાણાને ઉપયોગમાં લેવામાં આવે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

દીકરો ગમે તેટલો મોટો થઈ જાય છતાં માં ને તેની ચિંતા જરાય ઓછી થતી નથી કે તેની ભાવના જરાય નબળી પડતી નથી

નવાં કલેવર
નટવર હેડાઉ

'બા, આવો જમવાનું પીરસ્યું છે.' શોભાએ બહાર બેઠેલ સાસુને સાદ પાડ્યો.

'હું જરા મોડે જમીશ, હમણાં ભુખ નથી.'

'ભુખને શું થયું? આઠ વાગી ગયા છે. જમી લો તો હું પણ રસોડામાંથી પરવારું' વહુએ વ્યગ્રતાથી કહ્યું.

'શોભિત આવશે ને, ત્યારે સાથે જમીશ.'

હું સમજું છું. મને એ જ વાત ખટકે છે. જમી લો તો બીજાને પણ કામની સમજ પડે. તમારી જીદમાં બીજાનું કંઈ જોવાનું કે નહીં? શોભાએ માજીની પીરસેલી થાળી પાછી મુકતાં બબડાટ ચાલુ રાખ્યો.

'ઘડપણ આવ્યું છે પણ દીકરાનો મોહ છૂટતો નથી. તેની જમવાની ચિંતા કરતાં રહેશો. મારો વિચાર કરવાનો જ નહીં. જમજો ત્યારે હવે આરામથી...' કહેતા શોભા ટી.વી. સામે જોઈ બેઠી. વહુના ડાયલોગ પુરા થતાં માજીને શાંતિ થઈ. ભૂખ તો લાગી હતી પણ દીકરાની ચિંતા હતી.

શોભિતે બાને બહાર બેઠેલાં જોઈ સમજી ગયો કે સાસુ વહુ વચ્ચે ચકમક ઝરી લાગે છે. તેને બંને તરફથી સાંભળવું પડશે. દલીલો કરવામાં કોઈ ફાયદો નથી. તે અંદર આવી સોફા પર બેઠો એટલે માજી પણ આંગણામાંથી અંદર આવ્યા અને બોલ્યા, 'વહુ જમવાનું પીરશો, શોભિત આવી ગયો છે.'

'હાં.. હાં.. મને ખબર છે. હવે ધીરજ ધરો મારી સિરીયલ પુરી થવા દો, પછી પીરસું છું.'

'અરે! વહુ મને બહુ ભૂખ લાગી છે.'

મેં થોડીવાર પહેલાં કહ્યુંત્યારે કેમ જમ્યાં નહીં? શોભિતે આખી વાત સમજી જતાં વચ્ચે પડતાં બોલ્યો, 'શોભા, ખરેખર મને પણ કકડીને ભૂખ લાગી છે. જલ્દી કર.'

'હું બધું સમજું છું. તમારી માં દીકરાની આ ચાલ છે. જરા આળસ મરડી શોભા એ ઊભા થઈ બંનેની થાળી પીરસી દીધી. બંનેએ જમવાનું શરુ કર્યું.'

'શોભા તું પણ જમી લે. હાં, હું પણ જમી લઈશ. પપ્પુ ટ્યુશનથી આવે એટલે, તે એકલો જમતો નથી.'

'પપ્પુનું ભણવાનું કેમ ચાલે છે?' શોભિતે તેના આઠ વર્ષના દીકરા બાબતે પુછ્યું.

ઘણું સરસ, હમણાં તેના સર મળેલા, કહેતા હતા કે ખુબ મન દઈને ભણે છે. લ્યો, એ આવી ગયો.'

પપ્પુએ આવતાં જ દફતર ફેંક્યુ અને બુમ પાડી મમ્મી, બહુ ભૂખ લાગી છે. 'આવને બેટા, જમવાનું તૈયાર જ છે.' કહેતાં શોભાએ લાડ લડાવતાં પોતાની સાથે જમવા બેસાડી દીધો.

જમ્યા પછી માજી પોતાના ઓરડામાં પથારીમાં બેઠા હતાં. શોભિતે થોડીવાર તેમની સાથે આડીઅવળી વાતો કરી. તેમની આંખ ઘેરાઈ એટલે એ ઊભો થઈ બેડરુમમાં આવ્યો.

શોભા પપ્પુને સુવડાવતી હતી. શોભા ફ્રી થાય તેની રાહ જોતાં શોભિત ટી.વી. જોતાં જોતાં કંઈક વિચારતો હતો. ત્યાં શોભાનો અવાજ આવ્યો. 'માં પાસેથી ફૂર્સત મળી ગઈ?'

શોભિત હસ્યો. તેણે શોભાના ચહેરાને હાથમાં લઈ પ્રેમથી કહ્યું. 'હાં, હવે આખી રાત તારી છે. બોલ શું આદેશ છે.'

'હટો, તમને વાતો કરતાં બહુ સારી આવડે છે. મારી સિરીયલ છુટી ગઈ. કાં તો તમે ઓફિસથી વહેલા આવતા જાવ, અથવા બા ને સમજાવો કે ટાઈમે જમી લે, જેથી રસોડાના કામમાં હું સમયસર પરવારું.'

'શોભા, શું ફરક પડ છે. આ તો નાની અમથી વાત છે. એ મારી ચિંતા કરતાં હોય છે.'

'એવાં નખરાં છોડો, મને એ ગમતું નથી. આ ઉંમરે એવો મોહ શું.' શોભાએ હળવે રહી શોભિતને પ્રત્યુત્તર આપ્યો.

'સારું, જેવું તું વિચારતી હોય તે, પણ કોક દિવસ જરુર હું આ વાતનો તને બરોબર જવાબ આપીશ.'

'શું મનમાં ને મનમાં બબડો છે, કંઈ નહીં તારું જ નામ લેતો હતો.' શોભિતે મજાક કરી.

'જાવ ને હવે.' પતિપત્ની વચ્ચે મીઠી તકરાર ચારતી રહી.

ત્રણ સભ્યોનું નાનું કુટુંબ હતું. જે પપ્પુને આવતાં ખીલી ઊઠ્યું હતું. શોભિત તેની માંનો ખુલ લાડકો હતો. માં તેની બહુ ચિંતા કરતી. શોભિત જાણતો હતો કે માં તેના માટે સાંજે રાહ જુએ છે તે જમવાની ચિંતા ને સામાન્ય દૃષ્ટિએ જોવામાં આવે તો વૃદ્ધોનો સામાન્ય વિનોદ લાગે. પણ તેની પાછળ માતૃત્વની જે ભાવના દબાયેલી પડી છે તે ઉત્કંઠા અને તેમાંથી પ્રાપ્ત થતી આત્મતૃષ્ટિની ઈચ્છા જ કામ કરી જતી હશે. જો કે આ બધી એક ઊંડા અહેસાસની વાત છે. જે એક માં જ સમજી શકે છે. શોભિતને હવે એવા મોકાની તલાશ હતી કે આ નાની વાતનો શોભાને તીવ્રતાથી અહેસાસ કરાવી શકે.

શોભિતનો આઠ વર્ષનો દીકરો ઝૅવિયર્સ સ્કૂલમાં ત્રીજા ધોરણમાં ભણતો હતો. તે સ્કૂલથી ટૂરમાં ગયો હતો. શોભાની તો ઈચ્છા બિલકુલ નહોતી પણ શોભિતના કહેવાથી મોકલલો. તેની સાથે જનાર શિક્ષકે પાંચ વાગ્યે તેઓ પાછા આવશે તેમ જણાવેલું. ટી.વી. પણ ભારત-પાકિસ્તાન વચ્ચેની તેમ હતી. શોભિત સવારે દશ વાગ્યાથી ટી.વી. સામે બેસી ગયો હતો. કેમ કે આજે રવિવાર હતો.

ચાર વાગતાં શોભાએ ચ્હાનો કપ શોભિતના હાથમાં પકડાવતાં કહ્યું. જલ્દી કરો પપ્પુને લેવા જવાનું છે ને!

'પણ હજું તો ચાર વાગ્યા છે. જરા ધીરજ રાખ, મેચ કેવી જામી છે, છેલ્લી દશ ઑવર બહુ સંઘર્ષપૂર્ણ હોય છે. ગમે તે ટીમ જીતી શકે છે.'

હજુ માંડ અડધો કલાક થયો હશે ત્યાં શોભાએ રસોડામાંથી બુમ પાડી. પાંચ વાગવા આવ્યા. પપ્પુને લેવા જવાનું છે. ખબર છે ને.

શોભિત હજુ તન્મયતાથી મેચમાં ડુબેલે હતો ત્યાં શોભાએ આવી ટી.વી સ્વીચ ઑપ કરી દીધું. 'બસ હવે બહુ થયું. જલ્દી જાવ, છોકરો બિચારો રાહ જોતો હશે.' પણ શોભા હજુ તો પોણા પાંચ થયા છે. પંદર મિનિટ પહેલાં એ થોડો જ આવવાનો છે. 'શોભા શોભિતની કોઈ વાત સાંભળવા તૈયાર ન હતી. પ્લીઝ શોભા પંદર મિનિટમાં મેચ પુરી થઈ જશે. જરા ઠેહરી જા.'

'તમે તો કેવા બાપ છો છોકરો સવારનો ગયો છે ને તમને મેચની પડી છે.'

'સારું... સારું... જાઉં છું. તું નહીં માને' શોભિત તૈયાર થઈ સ્કૂલે પહોંચ્યો. પાંચ વાગવા આવ્યા હતા એટલે બધાં વાલીઓ પહેલાંથી જ બાળકોની રાહ જોતાં ત્યાં ઊભાં હતા. છતાં એચ.એમ.ને પુછતાં હતાં. સ્ત્રીઓ વધુ બેચેન લાગતી હતી. ત્યાં તો શોભા પણ ચાલતી ચાલતી આવી ગઈ. છેવટે અર્ધો કલાક મોડી બસ આવી. સોના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ. શોભા દોડીને ગઈ. તેણે પપ્પુને તેડી લીધો. મારો દીકરો ભૂખ્યો થયો હશે. બેટા મેં તારા માટે ખીર બનાવી છે.

'મમ્મી મને જરાય ભૂખ નથી. અમે ત્યાં બહુ ખાધું છે.' પપ્પુએ કહ્યું.

'શોભા આજ તને શું થઈ ગયું છે.'

'મને કંઈ થયું નથી.'

તું ત્રણ વાગ્યાથી પપ્પુના નામનું રટણ કરે છે. તને ખબર છે તેને ત્યાં ભરપૂર નાસ્તો મળ્યો છે. છતાં તું એની ભૂખની ચિંતા કરે છે.

'એમાં ખોટું શું છે.' પપ્પુને લાડ કરતાં શોભા બોલી.

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રોત્સાહનનો 'પાવર'..!! વ્યક્તિ માત્ર ગુણોનો ભંડાર છે, જોઈ શકો તો..!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

એક મલ્ટીનેશનલ કંપનીના ઈન્ટરવ્યુમાં કેન્ડીડેટને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો...

સંધ્યાનો અસ્ત અને રાત્રીના ઉદયની પહોર છે. વાદળોનો ગડગડાટ અને વિજળીનો કડકડાટ શરુ છે. વરસાદ મદમસ્ત બનીને વરસી રહ્યો છે. તમે તમારી ગાડી લઈને ઘરે જઈ રહ્યાં છો. રસ્તામાં એક બસ સ્ટેન્ડ આવે છે, જયાં ત્રણ વ્યક્તિ બસની કે કોઈ સાધન લિફ્ટ આપે એની રાહ જોઈ બેઠાં છે...

એમાં તમારો એક મિત્ર છે, જેણે તમને સંકટ સમયે મદદ કરેલી હોય છે, એના કારણે જ તમે તમારી ડિગ્રી મેળવી શક્યા હોવ છો... બીજી એક આધેડ વયની સ્ત્રી છે, જે સખત બિમાર છે અને એને તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડવી પડે એમ જ છે... અને ત્રીજી એક સુંદર યુવતી કે તમારી સોસાયટીમાં જ રહે છે, અને એ તમને ગમે છે... એ ત્રણેય ત્યાં છે... તમારી ગાડીની પાછળી સીટ પર ભરપૂર સામાન પડ્યો છે, ફક્ત તમારી ડ્રાઈવિંગ સીટની બાજુની જ સીટ ખાલી છે, તમે માત્ર એક જ વ્યક્તિને ગાડીમાં બેસાડી શકો એમ છો...

તો તમે ગાડીમાં કોને લિફ્ટ આપશો? મિત્રને ગાડીમાં બેસાડશો? વૃદ્ધ સ્ત્રીને હોસ્પિટલ પહોંચાડશો? કે પછી તમારી ડ્રીમગર્લને લિફ્ટ આપશો? જે ઉમેદવારની કંપનીએ પસંદગી કરી એનો જવાબ કંઈક આવો હતો...

હું ગાડીમાંથી ઉતરી જઈશ, મારા મિત્રને ગાડીની ચાવી સોંપી દઈને એને વૃદ્ધ મહિલાને હોસ્પિટલ પહોંચાડી મારા ઘરે જવાનું કહીશ અને હું જાતે પેલી સુંદર સાથે વરસાદની મજા માણતાં બસની રાહ જોવાનું પસંદ કરીશ!!

આ એકદમ સચોટ જવાબમાં એના બુદ્ધિની ચમક તો છે જ, પણ એ કરતાંય એક વધુ મહત્ત્વનો ગુણ છે, અને એ બહુ ઓછા લોકો પાસે હોય છે, એટલે કામનું આયોજન અને એમાંથી મળતો લાભ અને આનંદ...

આ આયોજન માટે સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત છે...

અમંત્રં અક્ષરં નાસ્તિ; નાસ્તિ મૂલં અનૌષધમ્।
અયોગ્યઃ પુરુષો નાસ્તિ; યોજકસ્તત્ર દુર્લભઃ ॥

એવો એકપણ અક્ષર નથી, કે જેનો મંત્રમાં ઉપયોગ થયો નથી. એવી એક પણ વનસ્પતિ નથી, કે જેવો ઔષધિમાં ઉપયોગ થયો નથી. એવો એકપણ મનુષ્ય નથી કે જે કોઈ જ યોગ્યતાવાળો નથી... માત્ર આ બધાનો ઉપયોગ કરી લેવા માટે યોગ્ય વ્યક્તિની આવશ્યકતા હોય છે. અને આવાં આયોજન કરનારાં વ્યક્તિની જ ખોટ વર્તાય છે!

વાતવાતમાં કોઈકે પ્રસિદ્ધ કવિ રમેશ પારેખને કહેલું કે તમે કવિતા કરી શકો છો પણ ફિલ્મી ગીત ન લખી શકો. અને એની આ વાત પર જ બસની ટિકિટ પર લખેલું ગીત 'સાંવરિયો રે મારો સાંવરિયો, હું તો ખોબો માગું ને દઈ દે દરિયો' અક્ષર આયોજનનું કદાચ આ શ્રેષ્ઠ ઉદાહરણ છે... આવા સિદ્ધહસ્ત પ્રતિભાવાન કવિ મળવાં દુર્લભ છે!

આયુર્વેદના જીવકની પણ વનસ્પતિશાસ્ત્ર માટેની વાત પ્રસિદ્ધ છે. જીવકનું વનસ્પતિનું શિક્ષણ પૂર્ણ થયું. એટલે એમણે એમના ગુરુને પૂછ્યું કે તમને ગુરુદક્ષિણામાં શું આપું? ગુરુ ઉવાચ 'વત્સ, જંગલમાં જા અને મારા માટે એવી વનસ્પતિ લઈ આવ, જેનો ઔષધિ માટે ઉપયોગ થતો ન હોય.'

જીવક તો ગુરુના આશીર્વાદ લઈ જંગલમાં નીકળી પડ્યાં, આખો દિવસ-રાત ભટકી બીજે દિવસે ગુરુ ચરણોમાં આળોટી અશ્રુ સારવાં લાગ્યાં, 'ગુરુજી આખું જંગલ ફરી વળ્યો પણ હું તો તમારા માટે એવી વનસ્પતિ ન શોધી શક્યો કે જેમાંથી કોઈ ઔષધિ ન બનતી હોય, ક્ષમા કરો મહારાજ.'

ગુરુજીએ એને ઊભો કર્યો અને છાતીએ વળગાડીને બોલ્યાં, 'વત્સ, મને મારી ગુરુદક્ષિણા મળી ગઈ, જે દરેક વનસ્પતિમાં કંઈક ઔષધિ ગુણ જોઈ શકે છે એ મારો શ્રેષ્ઠ છાત્ર છે...'

વ્યક્તિઓનું પણ એવું જ છે. પ્રત્યેક વ્યક્તિમાં કંઈકને કંઈક તો ગુણ હોય જ છે. પણ એ શોધીને એ ગુણનો ઉપયોગ કરી લેનાર કોઈ મા-બાપ, મિત્ર, સગા, શિક્ષક, ગુરુ કે સાહેબ મળી જવા જોઈએ... બાકી તો દુનિયા ભલભલા ટેલેન્ટેડને કામ વગરનો બનાવી મુકે છે!

થૉમસ અલ્વા ઍડિસનને સ્કૂલી શિક્ષણમાં રસ નહોતો. શિક્ષકોએ એમને સ્કૂલમાંથી તગેડી મૂક્યાં. માત્ર એની માતાને એની જીજ્ઞાસુવૃત્તિ પર ભરોસો હતો, એ એને સતત પ્રોત્સાહન આપતી રહી. એ વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક બની શક્યા...

સચિન તેંડુલકરને એની હાઈટને કારણે ક્રિકેટમાં એન્ટ્રી નહોતી મળતી, પણ કોચ રમાકાન્ત આચરેકરને એનામાં ક્રિકેટનું દર્શન થયું અને એણે એની પ્રતિભા બહાર કાઢી, પરિણામે સૌ સક્